ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G

# સેક્ટર-૧ તળાવની આસપાસ હવે ફૂડકોર્ટનું કામ આરંભાશે

ગાંધીનગર, તા. ૩૦

સે. ૧માં તળાવ વિકાસની



યોજનાનું કામ આખરી તબક્કામાં છે. તળાવને પીકનીક સ્પોટ સમાન બનાવવાના આયોજન અન્વયે હવે ટૂંક સમયમાં જ ફૂડકોર્ટનું કામ શરૂ કરાશે. જેમાં તળાવ આસપાસ ખાણી-પીણીના વિવિધ પાંચ જેટલા સ્ટોલ બનાવાશે.

સે. ૧માં તળાવને વિકસાવવાનું કામ ચાર વર્ષના અંતે હવે પૂર્ણ થવાના આરે છે. પ્રારંભિક તબક્કે વિલંબમાં પડેલી આ કાર્યયોજનાના અંતે પ્રથમ તબક્કામાં તળાવનું ખોદકામ, કમ્પાઉન્ડ વોલ, વોકવે, લાઈટીંગ તેમજ પાણીની ટાંકીનું કામ હાથ ધરાયું હતું. આગામી ચોમાસામાં આ તળાવ શહેરીજનો માટે આકર્ષણરૂપ નજારો બનશે. તળાવ આસપાસ હરિયાળી બનાવવા ઉદ્યાનનું કામ પણ શરૂ કરી દેવાયું છે. જ્યારે પિકનિક સ્પોટ સમાન તળાવને નિહાળવા આવનારા સહેલાણીઓને અનુલક્ષી તળાવ નજીક ફૂડકોર્ટ બનાવવાનું કામ પણ ટૂંકમાં જ શરૂ

## આઈસ્ક્રીમ પાર્લર સહિત ખાણીપીણીના વિવિધ પાંચ સ્ટોલ ઉભા કરાશે

કરી દેવાશે. અંદાજિત રૂ. ૨૪ લાખના ખર્ચે હાથ ધરાનારી આ કામગીરી સંદર્ભે ટેન્ડરપ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. આ ફૂડકોર્ટમાં ખાણીપીણીના વિવિધ પાંચ જેટલા સ્ટોલ્સ રહેશે. જેમાં એક આઈસ્કીમ પાર્લર પણ ધમધમશે.

## જૂના સેક્ટરોમાં આજથી પાણીનો સમય બદલાશે

ગાંધીનગર, તા. ૩૦

શહેરના જૂના સેક્ટરોમાં આજથી પાણી વિતરણનો સમય બદલાશે. જેમાં સે. ૧૪ થી ૧૬ તથા સે. ૨૩ થી ૨૮ માં હાલ સવારે સપ્લાય આપવામાં આવે છે જે તા. ૧ મે ના રોજથી સાંજના સમયે અપાશે જ્યારે સે. ૧૭થી ૨૨ તેમજ સે. ૨૯, ૩૦માં હાલ સાંજે પાણી વિતરણનો સમય છે આ સેક્ટરોમાં સવારે પાણી અપાશે. જ્યારે પાણી વિભાગના સમયમાં ફેરફારના પગલે તા. ૧લી મે સવારે કોમન સપ્લાય આપવામાં આવશે તેમ વિભાગના સૂત્રોએ જણાવ્યું છે. ટૂંક સમયમાં આખા ગાંધીનગરમાં પાણી વિતરણનો કોમન સમય થઈ જશે એવી આશા પાટનગર યોજના વર્તુળના અધિકારીઓ સેવી રહ્યા છે.

# મેલેરિયાના કેસોને પગલે બાંધકામ સ્થળના મજૂરોનું સ્કેનીંગ કરાશે

## હાલ ગાંધીનગરમાં સાતથી પણ વધુ સ્થળોએ ૩૦ હજારથી વધુ મજૂરો રોજગારી મેળવી રહ્યા છે

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર શહેરમાં વાતાવરણના સતત બદલાવને પગલે મેલેરિયાના કેસો પણ ૨૫થી વધુ નોંધાતાં આ વખતે તંત્ર એ મચ્છરજન્ય રોગચાળાની સ્થિતિ ઉભી થાય તે પૂર્વે જ નગરમાં વિવિધ બાંધકામોની સાઈટો પરના મજૂરોનું સ્કેનીંગ કરવાનો નિર્ણય લીધો છે.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર શહેરમાં હાલ જુદી જુદી સાઈટો પર ૩૦ હજારથી પણ વધુ મજૂરો કામ કરી રહ્યા છે. આ બધા જ મજૂરો બહારથી આવેલા હોઈ તંત્ર આ વખતે આગોતરા પગલાંઓમાં કોઈ કચાશ રાખવા માગતું નથી.

તાજેતરમાં ગાંધીનગર સિવીલ હોસ્પિટલના બિલ્ડીંગમાંથી મચ્છરોના બ્રીડીંગ મળ્યાના અખબારી અહેવાલો પછી મજૂરોની તપાસ દરમિયાન બે જેટલા મજૂરોને શંકાસ્પદ મેલેરિયા પણ જણાઈ આવતાં તંત્રએ તમામ બાંધકામ સાઈટો પરના મજૂરોનું સ્કેનીંગ કરવાનો નિર્ણય લીધો છે.

હાલ ગાંધીનગરમાં સાત થી પણ વધુ સ્થળોએ બે-બે હજારથી વધુ મજૂરો કામ કરી રહ્યા છે. આરોગ્ય તંત્ર દ્વારા આ બાંધકામ સાઈટના સંચાલકોનો સંપર્ક સાધી અને મજૂરોના સ્કેનીંગ કરવા બાબતે જરુરી માર્ગદર્શન આપી કાર્યવાહી હાથ ધરી હોવાનું જાણવા મળે છે.

તંત્રના અંતરંગ સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે વિવિધ બાંધકામ સાઈટો પર કામનું સંચાલન સંભાળતી સંસ્થાઓએ સામે ચાલી અને

● અનુસંધાન પાન-૭ પર

# ગાંધીનગરમાં ગરમીનો પારો ૪૧.૫ ડિગ્રી પર પહોંચ્યો

ગાંધીનગર, તા.૩૦

છેલ્લા ત્રણ દિવસથી મહત્તમ તાપમાનમાં ઉત્તરોત્તર વધારો નોંધાયો છે. આજે સોમવારે ગાંધીનગરમાં મહત્તમ તાપમાન ૪૧.૫ ડિગ્રી નોંધાયું હતું. જે આ વર્ષનું સૌથી વધુ તાપમાન છે. હવામાન વિભાગના સૂત્રો જણાવે છે કે, આગામી દિવસોમાં તાપમાન ઉત્તરોત્તર વધારો થશે અને ગરમીનો પારો ૪૪ ડિગ્રી પર પહોંચવાની શક્યતા છે. વધતી જતી ગરમીથી ગરમીની જનજીવન પર ઘેરી અસર વર્તાય છે. બપોરે માર્ગો સૂમસામ હોય છે. ઠંડા પીણાં અને આઈસ્ક્રીમ ખરીદીમાં ઉત્તરોત્તર વધારો થતો જાય છે.

## ખૂણે ખાંચરેથી

● ગાંધીનગરમાં આજથી કલેક્ટર કચેરી ખાતે યુનિક આઈ.ડી. પ્રોજેક્ટનો આરંભ કરવામાં આવશે. ● અમદાવાદ પૂર્વના સાંસદ શ્રી હરિન પાઠક સંસદસભ્ય તરીકે તેમણે સૂચવેલા કામોની પ્રગતિ જાણવા આજે કલેક્ટર કચેરી આવ્યા હતા. ● સચિવાલયમાંથી આજે સંયુક્ત સચિવ શ્રી જસવંત ગાંધી, નાયબ સચિવ શ્રી એચ. જે. બ્રહ્મક્ષત્રિય, શ્રી એમ.એસ. ચારેલ, ઉપસચિવ શ્રી એસ. જે. ત્રિવેદી, શ્રી એન.આર. ડામોર, કર્મચારી અગ્રણી શ્રી એચ.આર. ગુપ્તા, સહિત ૨૨ જેટલા અધિકારીઓ કર્મચારીઓ વયમર્યાદાને લઈ નિવૃત્ત થયા છે. ● આજે ગાંધીનગરમાં ગૌરવદિનની ઉજવણીના ભાગરૂપે યોજાયેલ માર્ચપાસ્ટ ૨॥ કિ.મી.નું અંતર સવાકલાક કાપશે. ● ૨ જી મે ના રોજ મહાત્મા મંદિર ખાતે યોજાનાર સમરસ પંચાયતોના પ્રતિનિધિઓના સંમેલનની તડામાર તૈયારીઓ ચાલી રહી છે. ● ગાંધીનગર શહેરમાં જ જીસ્વાનના સ્લો નેટવર્કની વારંવારની ફરિયાદો હવે નિત્યક્રમ બની રહી છે.







**TAPOVAN VATSALYADHAM**
English Medium Boy's School

Applications are invited for the following posts :

(1) **Asst. Teachers :** Teachers, who can teach Mathematics, Science, Social Studies, English, Hindi and Sanskrit may apply. Educational qualifications : Graduate / post Graduate in respective subjects like Math, Science, Languages with B.Ed. / M.Ed. Exprience of teaching preferable.

(2) **P. E. Teacher :** Graduate D. P. Ed. / M. P. Ed.

(3) **Clerk :** Graduate with through knowledge of Accounts, Computer and School administration.

(4) **Rectors :** To take care round-the-clock affecttionately of all the studying students. Applicant must be well educated and also efficient to promote the extracurricular activities of institution. Graduate in any faculty, also proficient enough to interact in English with boys. Knowledge of Jain religion and culture is essential.

**Note :** Salary will be considered on the basis of experience and Merit. Retired teachers amy also apply. Send Bio-Data with Contact No. latest by Date : 7-5-2012 to : The Director, Tapovan Vatsalyadham (English Medium) School, Amiyapur, Post : Sughad, Dist : Gandhinagar - 382424.



**હાર્દિક અભિનંદન**



**પુરુષોત્તમ જે. સુશીલ**
વાઈસ ચેરમેન, પ્રદેશ કોંગ્રેસ અનુ.જાતિ ડીપાર્ટમેન્ટ
મેમ્બર, કોર કમિટિ, ગાંધીનગર શહેર જિલ્લો

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ અનુસૂચિત જાતિ ડીપાર્ટમેન્ટના ચેરમેનશ્રી ઈશ્વરભાઈ મકવાણા તથા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મંત્રીશ્રી વિક્રમસિંહ ખાચરની ભલામણથી અને ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી અર્જુનભાઈ મોઢવાડીયા તથા ગુજરાત વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતાશ્રી શક્તિસિંહ ગોહિલની મંજુરીથી આપની ગુજરાત પ્રદેશ કોંગ્રેસ અનુસૂચિત જાતિ ડીપાર્ટમેન્ટના વાઈસ ચેરમેન પદે નિમણુંક કરવામાં આવતાં અમો હૃદયપૂર્વકના અભિનંદન પાઠવીએ છીએ... આપ રાજકીય ક્ષેત્રે ઉત્તરોત્તર પ્રગતિના સોપાન સર કરો એવી અમારી હાર્દિક શુભકામનાઓ...

**સી. એમ. વર્મા**
ઉપપ્રમુખ
શહેર-જિલ્લા કોંગ્રેસ સમિતિ

**કનુભાઈ એમ. પરમાર**
ઉપપ્રમુખ
શહેર-જિલ્લા કોંગ્રેસ સમિતિ

**શ્રીમતી વિણાબેન રાજગોર**
ઉપપ્રમુખ
શહેર-જિલ્લા કોંગ્રેસ સમિતિ

**ચીમનભાઈ વિંઝુડા**
કોંગ્રેસ પક્ષના નેતા
મહાનગરપાલિકા, ગાંધીનગર

**એલ. એન. પરમાર**
મેમ્બર, કોર કમિટિ
ગાંધીનગર - શહેર જિલ્લો

**મગનભાઈ પરમાર**
પ્રમુખ
શહેર અનુ. જાતિ ડીપાર્ટમેન્ટ

**અમૃતલાલ કે. પરમાર**
પ્રમુખ બાવન પરગણા વણકર
સમાજ વિકાસ મંડળ, સિદ્ધપુર

**પી. જે. પરમાર**
સામાજિક અગ્રણી

**નવિનચંદ્ર સોનેરી**
કોંગ્રેસ અગ્રણી

**અરવિંદભાઈ વાઘેલા**
પૂર્વ મુખ્ય સંગઠક,
સેવાદળ ગાંધીનગર શહેર



TMT BARS - ISI
TATA STEEL • PIPES • SHEETS
C. PVC, UPVC

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૬૫૭૨૨૬૨૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક :** પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી :** કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com